## જન્મદિને વધામણી



શર્મિષ્ઠાબેન જગદીશચંદ્ર દવે



ગીતાબેન બી શાહ
મો. ૯૮૨૪૪ ૨૨૫૧૫



નિમિષા શુક્લ
લાયોનેસ ક્લબ



શિવમ એન પરમાર
મો. ૯૯૧૩૬ ૧૨૭૮૯



રિંકલ બી વાઘેલા
૭૩૮૩૯ ૬૪૧૬૬

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# આર એન લલિતકલા એકેડેમીનો વાર્ષિક ઉત્સવ ઉજવાયો







ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર એન લલિતકલા એકેડેમીનો વાર્ષિક ઉત્સવ 'સાધના-૨૦૮' તાજેતરમાં અનન્ય ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિ મુજબ દીપ પ્રાગટ્ય અને આમંત્રિતોને પુષ્પગુચ્છ આપીને કરવામાં આવી હતી. કાર્યક્રમના અતિથિ તરીકે સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાતના નિવૃત્ત ડેપ્યુટી ડિરેક્ટર અને રાજ્યના નિવૃત્ત ચીફ કોચ જયરાજસિંહ સરવૈયા, કૅમ્પસ ડિરેક્ટર સોમભાઈ સી પટેલ અને ઍસ જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનાં આચાર્ય મિલી સિંઘ ઉપસ્થિત રહ્યાં હતાં. ભગિની સંસ્થાઓના આચાર્યોએ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. સંસ્થાનાં સંચાલક દિનાબેન ડોડિયાના માર્ગદર્શનમાં તાલીમાર્થીઓને કથ્થકની તાલીમ રોશની ભટ્ટ દ્વારા, ભરતનાટ્યમની તાલીમ શકુંતલા ઓઝા અને દિવ્યા પંડ્યા દ્વારા, શાસ્ત્રીય ગાયન સૌરભ પટેલ દ્વારા, વેસ્ટર્ન ડાન્સ સૌરભ પંડ્યા અને આશિષ વસાવા દ્વારા, બ્યુટી પાર્લરની તાલીમ પારૂલ ઉપાધ્યાય દ્વારા, સ્કેટિંગ વસીમ મનસુરી, કરાટેની તાલીમ સોનસાઈ સેલ્વાકુમાર દ્વારા આપવામાં આવી હતી.

ઍસ જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓ અને આર ઍન લલિતકલા ઍકેડેમીના તાલીમાર્થીઓએ સાથે મળીને સુંદર કાર્યક્રમોની પ્રસ્તુતિ કરી હતી. વેસ્ટર્ન ડાન્સ, ફોક ડાન્સ, બેબી ડાન્સ, શાસ્ત્રીય ગાયન અને વાદન સહિત કુલ ૧૭ જેટલી કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી.

સંચાલક દિનાબેન ડોડિયાએ સંસ્થામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિ, પ્રગતિનો વિગતવાર અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. કાર્યક્રમમાં આમંત્રિતો, મહેમાનો, મહાનુભાવો, વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ, વાલીઓ તથા બાળકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ અનિતા વસીતા દ્વારા કરવામાં આવી હતી.

## ફી કમિટી અંગે માર્ગદર્શન માટે સંચાલકોની બેઠક મળી

ગાંધીનગર, તા. ૧૦

ફી કમિટી અંગે ખાનગી સ્કૂલ સંચાલકોને માર્ગદર્શન આપવા માટે અમદાવાદમાં મળેલી મીટિંગમાં ફીનો મુદ્દો ઉપસ્થિત થયો હતો. જેમાં એક સંચાલક દ્વારા ઘણા વાલીઓએ એક પણ રૂપિયો ફી ભરી નથી અને આગામી દિવસોમાં રિઝલ્ટ પણ આવવાનું છે ત્યારે શું કરવું તેવો પ્રશ્ન કર્યો હતો. જેમાં અમદાવાદ ડીપીઈઓએ સંચાલકોને જવાબ આપતા કહ્યું હતું કે, 'ફી મુદ્દે સંચાલકોએ અત્યાર સુધી ધીરજ રાખી છે, થોડી વધુ રાખો.' સંચાલકોએ એક ક્વાર્ટરની ફી તો ઉઘરાવી જ છે ત્યારે આગળની કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી રાહ જોવાની સંચાલકોને ખાતરી આપી હતી. આમ, સ્કૂલના સંચાલકો ફીના મુદ્દે આક્રમક બને તે પહેલા જ તેમને મીટિંગમાં ઠંડા પાડી દેવાયા હતા.

અમદાવાદ જિલ્લાની ખાનગી સ્કૂલોના સંચાલકો આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. શહેર ડીઈઓ નવનીત મહેતા, અમદાવાદ ગ્રામ્ય ડીઈઓ એચ.એચ. રાજ્યગુરૂ અને અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મહેશ મહેતા ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે માર્ગદર્શન આપ્યું હતું.







સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં દર વર્ષે શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે જેમ કે વક્તૃત્વ સ્પર્ધા, નિબંધલેખન સ્પર્ધા, વિજ્ઞાન પ્રદર્શન, શિક્ષક દિન, પોયમ સિંગિંગ સ્પર્ધા, સ્ટોરી ટેલિંગ સ્પર્ધા, રમતોત્સવ, બાલ મહોત્સવ, બર્થ ડે કેક મેકિંગ સ્પર્ધા, વાર્ષિક મહોત્સવના સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે પ્રવૃત્તિઓમાં શાળાના મોટાભાગના વિદ્યાર્થીઓ રસપૂર્વક ભાગ લે છે. આવા ઉપક્રમોમાં સફળતા પ્રાપ્ત કરનારા ૫૮૩ જેટલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામો આપી નવાજવામાં આવ્યા હતા. શાળાકીય અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ રસ દાખવી નામના પ્રાપ્ત કરનાર તથા શાળા અને ગાંધીનગરનું ગૌરવ વધારનાર વિદ્યાર્થીને શાળા પરિવાર વતી આચાર્ય નીવાબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# પ્રેરણા વિદ્યાલય દ્વારા રંગોત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા. ૧૦

સૅક્ટર-૫ એમાં કાર્યરત પ્રેરણા વિદ્યાલયમાં બાલમંદિર વિભાગમાં નાના ભૂલકાઓ દ્વારા શુક્રવારે રંગોત્સવ કાર્યક્રમની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જુનિયર કેજી અને સિનિયર કેજીના ૧૦૦ બાળકોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. શાળામાં મહેમાન તરીકે પ્રદીપભાઈ પંચાલ, વિશાલજી મકવાણા, ચંદ્રિકાબેન કડવાતર, ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા, નરેશભાઈ શાહ, રેણુકાબેન તથા વાલીઓએ ઉપસ્થિત રહી બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. નાનાં બાળકોએ વિવિધ કૃતિઓમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જુદી-જુદી કૃતિઓની રજૂઆત થઈ જેમાં પ્રાર્થના, અભિનયગીત, લોકગીત, વાર્તાની રજૂઆત નાનાં ભૂલકાઓએ ખૂબ જ સુંદર રીતે રજૂઆત કરી હતી. ત્યારબાદ દરેક વાલીને કુમકુમ તિલક કરી માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વાલીઓ દ્વારા ઈનામ તેમજ નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઈનામનું સૌજન્ય પ્રદિપભાઈ પંચાલ, વિશાલજી મકવાણા અને નાસ્તાનું સૌજન્ય ભરતભાઈ સાધુ અને હેલી બિરારી તરફથી પ્રાપ્ત થયું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન બાલમંદિરનાં શિક્ષક હિનાબેન ત્રિવેદી, મનિષાબેન ભટ્ટ દ્વારા, સંચાલન વિદ્યાર્થી પ્રિયંકા દેસાઈ અને દેવાંગ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર દર્શન આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

### વિમેન ડેવલપમેન્ટ સેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી







વિમેન ડેવલપમેન્ટ સેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી વિમેન ડેવલપમેન્ટ સૅલનાં ચેરપર્સન ડૉ. વીણાબેન પટેલના માર્ગદર્શનમાં ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

સવારે ૮ કલાકથી સંગીત ખુરશી, લીંબુ ચમચી, વસ્તુ શોધ, સાંસ્કૃતિક કાર્યક્રમો, મહેંદી, હેર સ્ટાઈલ, મેક-અપ જેવી પ્રવૃત્તિઓમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળની બાલમંદિરથી કૉલેજો સુધીની તમામ સ્ટાફ બહેનોએ ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. વર્તમાન સમયમાં હંમેશાં કામના ટેન્શનમાં રહેતી સ્ટાફ બહેનોએ આ દિવસે વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ હળવાશ અનુભવી હતી અને અતિથિઓ સાથે ભોજનનો આનંદ પણ પ્રાપ્ત કર્યો હતો.

બપોરે ૧.૩૦ કલાકે સ્ટેજ કાર્યક્રમ શરૂ થયો હતો, જેમાં સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ, એએફએસ સંસ્થાના નૅશનલ ડિરેક્ટર દિવ્યા અરોરા, કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં ડિરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા, નર્સિંગ કૉલેજના કૅમ્પસ ડિરેક્ટર ડૉ. આર જે વ્યાસ, ફૅકલ્ટી ઑફ કમ્પ્યુટરના ડીન પ્રૉ. સંજયભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

વીણાબેન પટેલે જણાવ્યું હતું કે વર્, ૨૦૧૮-૧૯માં વિમેન ડેવલપમેન્ટ સૅલ માટે રૂા. ૨૦ લાખનું બજેટ ફાળવવામાં આવ્યું છે, જે અંતર્ગત ૩ લાખનું બજેટ દીકરીઓને સેફટીનાં સાધનો માટે, મહિલાઓ અને વિદ્યાર્થીનીઓ માટે સંસ્થામાં ૧૫ જેટલાં સેનીટરી પેડ માટેનાં ડિસ્પેન્સર મશીન મૂકવાની વ્યવસ્થા પણ ઊભી થઈ રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની દરેક સ્ટાફ બહેન દીઠ રૂા. ૫૦૦ તેમના એક દિવસના પીકનીકના ખર્ચ માટે ફાળવવામાં આવ્યા હતા. જે બહેનોનો પગાર રૂા. ૨૫ હજારથી ઓછો હોય તેમને રૂા. ૫૦ હજારથી દોઢ લાખ સુધીની લોન આપવાનું પણ તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમના નિર્ણાયક તરીકે પિનાકીન વ્યાસ, આરતીબેન ભટ્ટ, શ્વેતાબેન, જયતી ભટ્ટ, પારૂલબેન ઉપાધ્યાય, ચેતનાબેન બુચ વગેરે બહેનોએ સેવા પૂરી પાડી હતી.

દર વર્ષે સર્વ વિદ્યાલ કેળવણી મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે એક મહિલા ગૌરવ એવોર્ડ આપવામાં આવે છે. ચાલુ વર્ષે વીપીએમપી કૉલેજની વિદ્યાર્થિની ક્રિમા ભટ્ટને આ ગૌરવ આપવામાં આવ્યું હતું, જેમના પિતા અવસાન પામ્યા છે અને માતા આંગણવાડીમાં કામ કરે છે. આ વિદ્યાર્થિની પોતે ટ્યુશન કરી દર વર્ષની પરીક્ષામાં પોતાના ઉત્તમ પરિણામો પ્રાપ્ત કરે છે. તેને રૂા. ૨૫ હજારનો ચેક આપી તેની મહેનતને બિરદાવવામાં આવી હતી. ત્યારબાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની જે બહેનોને સંતાન સ્વરૂપે માત્ર દીકરીઓ જ હોય તેમનાં સાસુઓને સંસ્થાના ચેરમેનના હસ્તે સર્ટીફિકેટ તથા દિવ્યા અરોરાના હસ્તે શાલ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. દીકરીના લાગણી કરી સાસુમાએ દીકરીના જન્મદરમાં વધારો કરવા માટે કરેલી સહાયને ચેરમેન વલ્લભભાઈ પટેલે બિરદાવી હતી. સાસુમાનું સન્માન થતાં વિદ્યાલયના પ્રાંગણમાં થતાં સમાજને એક ઉત્તમ ઉદાહરણ પ્રાપ્ત થયું છે. પ્રમુખ વલ્લભભાઈ પટેલે વર્તમાન જીવન વ્યવસ્થા, વાસ્તવિક પરિસ્થિતિનું સચોટ ઉદાહરણ આપી મહિલા કર્મચારીઓનું ગૌરવ વધાર્યું હતું.

વિમેન ડેવલપમેન્ટ સૅલ અંતર્ગત ખૂબ જ ગૌરવ આપતા ઉદ્‌બોધનમાં દિવ્યા અરોરાએ જણાવ્યું હતું કે મહિલા ક્યારેય નકારાત્મક વલણને ન અપનાવે. મા-બાપનો રોલ શિક્ષકોએ અપનાવવો જોઈએ અને મહિલા તેના માટે સક્ષમ છે. સ્પર્ધામાં ભાગ લેનાર વિજેતા મહિલા કર્મચારીઓને પુરસ્કાર આપી બિરદાવવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ૧ લાખથી વધુ રિસર્ચ પ્રોજેક્ટ માટે ડૉ. વીણાબેન પટેલને રૂા. પાંચ લાખની ગ્રાન્ટ અને ડૉ. ભુસરા જરૂલાને રૂા. ૯ લાખ ૫૦ હજારની ગ્રાન્ટ મળી હતી, જેમનું સન્માન કરાયું હતું.

કૌશલ્યાબેન પરીખે ઉપસ્થિત સર્વનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષાબેન પારેખે કર્યું હતું.